મરડીયા ફાર્મમાં દારૂની મહેફીલ માણતાં ૩૨ નબીરા ઝડપાયા

ચિલોડા-દહેગામ હાઈવે પર મોડી રાત્રે પોલીસની રેડ : અમદાવાદના યુવાને તેના લગ્નની પાર્ટી પેટે ફાર્મમાં મહેફીલનું આયોજન કર્યુ હતુ : એક શખ્સ ફરારઃ ચારની વૈભવી ગાડી જપ્ત : ચાર પીધેલા સગીર નીકળ્યા

(તસવીર : વિપુલ ચૌહાણ)

મહેફીલ સ્થળેથી શુ-શુ મળ્યું ..?

- ૪ વિદેશી દારૂની તોડેલી બોટલો
- ૩૨ બિયરના ખાલી ટીન
- ૨૦ સોડા અને પાણીની ખાલી બોટલો
- ૨ વિદેશી દારૂની આખી બોટલો
- એક અડધી દારૂની બોટલ
- પ્લાસ્ટીકના ગ્લાસનો ઢગલો
- બાયટીંગ માટે નાસ્તાના પેકટેસ
- ૪ વૈભવી કાર
- ૧ ઓટો રિક્ષા

ગાંધીનગર, તા. ૧૭

ચિલોડા-દહેગામ માર્ગ પર સ્થિત મરડીયા ફાર્મમાં દારૂની મહેફીલ જમાવીને નબીરાઓ બેઠા હોવાની બાતમીને આધારે મોડી રાત્રે દહેગામ પોલીસની ટીમે ફાર્મનું કોર્ડન કરી રેડ પાડી હતી. દારૂના નશામાં ધુત લથડીયા ખાતા ૩૨ નબીરાઓને ચાલુ પાર્ટીએ પોલીસે ઝડપી પાડ્યા હતા. જ્યારે એક શખ્સ નાસી છુટવામાં સફળ રહ્યો હતો. દારૂની ખાલી બોટલો તથા ખાલી બિયરના ટીનનો ઢગલો ફાર્મ પર પડ્યો હતો. અમદાવાદના એક યુવાનના તાજેતરમાં થયેલા લગ્નની પાર્ટીનું આયોજન મરડીયા ફાર્મમાં થયું હતું અને પોલીસે રાત્રે રંગમાં ભંગ પાડ્યો હતો. ચાર વૈભવી કાર તથા રીક્ષા સ્થળ પરથી જપ્ત કરી લેવામાં આવી છે. મોટો પ્રશ્ન એ હતો કે દારૂ-બિયર સદંતર બંધ હોવા છતાં આટલો મોટો જથ્થો ક્યાંથી અને કોણ લાવ્યુ હતુ..?

વિશાલ ઠાકોરના લગ્નની પાર્ટી માટે મહેફીલ જામી હતી

પકડાયેલા ૩૨ આરોપીઓ પૈકીના એક આરોપી અમદાવાદ દશકોઈના વિશાલ ઠાકોરના ૨૨ એપ્રિલે લગ્ન થયા હતા. તે લગ્ની પેન્ડીંગ પાર્ટીનું ગઈ રાત્રે આયોજન ફાર્મમાં કરવામાં આવ્યુ હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસે તે દિશામાં ઊંડી તપાસ શરૂ કરી છે. આ રેડમાં એએસપી તથા તેમની ટીમ પણ જોડાઈ હતી. પિધેલામાંથી ચાર જણા સગીર વયના નીકળ્યા હતા.

દહેગામ પીએસઆઈ વી.આર. પ્રજાપતિને ગઈ રાત્રે બાતમી મળી હતી કે દહેગામ-ચિલોડા માર્ગ પર સ્થિત મરડીયા ફાર્મમાં કનુ પશા રાઠોડ તેમના ઓળખીતા બળદેવ ફતેસિંહ ચૌહાણ મારફતે દારૂની પાર્ટીનું આયોજન કરેલુ છે. જેને આધારે મોડી રાત્રે ફાર્મમાં દરોડો પાડી ફાર્મને કોર્ડન કરી લેવાયુ હતુ. ફાર્મમાં જોતા ૩૩ વ્યક્તિઓનું ટોળુ કુંડાળુ કરીને દારૂ અને બિયરના પેગ લગાવી રહ્યું હતું અને મોટા ભાગના નબિરાઓ ટલ્લી થઈ ગયેલી હાલતમાં હતા. આજુબાજુમાં ઢગલાબંધ ખાલી બિયરના ટીન, ખાલી દારૂની બોટલો, પ્લાસ્ટીકના ગ્લાસ પડ્યા હતા. પોલીસે ૩૨ નબીરાઓને પીધેલી હાલતમાં ઝડપી તમામની ધરપકડ કરી લીધી હતી. જ્યારે એક શખ્સ ફરાર થઈ ગયો હતો. દહેગામ પોલીસની રેડમાં એએસપી કરણરાજ વાઘેલા પણ જોડાયા હતા. દહેગામ પોલીસે મહેફીલનો ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

પકડાયેલા ૩૨ પૈકી ૪ સગીર : એક ફરાર

ફાર્મમાં પોલીસે પાડેલા દરોડામાં મહેફીલ માણતા પકડાયેલા ૩૨ પિધેલાઓ પૈકી ૪ સગીર વયના છે. જ્યારે એક શખ્સ ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. મહેફીલમાં પકડાયેલા નબીરાઓનામાં - ૧. બળદેવજી ફતેસિંહ ચૌહાણ ૨. ભરતજી મફાજી ઠાકોર , ૩. નૈમેષ પ્રકાશભાઈ રાઠોડ, ૪. કાળુજી કનુજી ઠાકોર ૫. અજીતજી રમણજી, ૬. સુરેશભાઈ રમણભાઈ રાઠોડ, ૭. રાહુલ મંગાજી ઠાકોર, ૮. કનુભાઈ રમણજી ઠાકોર, ૯. રમેશભાઈ મફાભાઈ ઠાકોર, ૧૦. પ્રવિણજી રમણજી વાઘેલા, ૧૧. ભરતજી દિનેશજી ઠાકોર, ૧૨. સતિષ ભલાભાઈ ઠાકોર, ૧૩. વિસાલજી ધનાજી ઠાકોર, ૧૪. આકાશ પ્રવિણભાઈ વાઘેલા, ૧૫. રોહિત બળદેવભાઈ ચૌહાણ, ૧૬. ચિરાગજી દશરથજી ઠાકોર, ૧૭. રમેશજી રાવજીજી દરબાર ૧૮. પંકજજી મનુજી ઠાકોર, ૧૯. હરેશ જયંતી ઠાકોર, ૨૦. અજયજી રમેશજી ઠાકોર, ૨૧. નરેન્દ્રજી ખોડાજી ઠાકોર, ૨૨. દિલીપજી ભવાનજી ઠાકોર, ૨૩. પ્રવિણજી છનાજી ઠાકોર, ૨૪. વિક્રમજી છનાજી ઠાકોર, ૨૫. ગફુરભાઈ પુનમજી ઠાકોર, ૨૬. રાજેશ વિનોદભાઈ ઠાકોર, ૨૭. રમતુજી સુરાજી ઠાકોર, ૨૮. હિરેન સુરાજી ઠાકોર, ૨૯. કનુ પશા રાઠોડ (ફરાર)

માણસાના ગુલાબપુરા ખાતે પ્રાથમિક શાળાનો હિરક મહોત્સવ-પૂર્વ વિદ્યાર્થી મિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

સમાજના સર્વાંગી વિકાસ માટે આજના યુગમાં શિક્ષણ ખૂબ જ અગત્યનું પરિબળ છે તેમ આજે ગાંધીનગરના માણસા તાલુકાના ગુલાબપુરા પ્રાથમિક શાળાના ષષ્ઠીપૂર્તિ (હિરક મહોત્સવ)ની ઉજવણી તેમજ પૂર્વ વિદ્યાર્થી મિલન સમારોહ પ્રસંગના અધ્યક્ષ અને આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા પ્રભારી મંત્રીશ્રી નીતિનભાઈએ કહ્યું હતું કે, કોઈ પણ સમાજ, ગામ કે રાજ્યના વિકાસ માટે શિક્ષણ એ પાયાની જરૂરીયાત છે. ગુલાબપુરા ગામની પ્રાથમિક શાળાની સ્થાપનાના આજે ૬૦ વર્ષ પૂર્ણ થયા છે જે ગામ માટે ગૌરવની વાત છે. આજે આ ગામે શિક્ષણરૂપી યજ્ઞના ૬ દાયકા સફળતાપુર્વક પૂર્ણ કર્યા છે. વ્યક્તિના વિકાસમાં પ્રાથમિક શિક્ષણ ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. શિક્ષણરૂપી ઈમારતનો પાયો પ્રાથમિક શિક્ષણ થકી જ મજબૂત બને છે, જે સમગ્ર જીવન દરમિયાન તમામ ક્ષેત્રે સફળતા અપાવે છે.

ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને વર્તમાન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતે આજે કૃષિ, સિંચાઈ, પાણી, આરોગ્ય, ઉદ્યોગ, શિક્ષણ, મહિલા સશક્તિકરણ અને રોજગારી જેવાં ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. તેમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ.

મંત્રીશ્રી પટેલે ઉપસ્થિત શિક્ષકોને શિક્ષણની ગુણવત્તા વધે અને ગુલાબપુરાનો વિદ્યાર્થી કોઈ પણ ક્ષેત્રમાં પાછળ ન રહે તેવા સતત પ્રયાસો કરવા અનુરોધ કરીને સૌને હિરક મહોત્સવની ઉજવણી પ્રસંગે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

આ ષષ્ઠીપૂર્તિ ઉજવણી પ્રસંગે મંત્રીશ્રી નીતિનભાઈ પટેલના હસ્તે પૂર્વ વિદ્યાર્થીઓ અને ઉજવણી પ્રસંગના દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે માણસાના ધારાસભ્યશ્રી અમીતભાઈ ચૌધરી, જિલ્લા સદસ્યશ્રી જયેશભાઈ પટેલ, ભોજનદાતા શ્રી અમૃતભાઈ પટેલ અને સમીરભાઈ પટેલ, સરપંચશ્રી કનૈયાલાલ પ્રજાપતિ, ગ્રામ વિકાસ મંડળ ગુલાબપુરાના પ્રમુખ-મંત્રીશ્રી, પ્રાથમિક શાળાના આચાર્યાશ્રી સહિત સમાજ અને ગામના અગ્રણીઓ-ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ચામુંડા માતાજીનો હવન ૨૫મીએ ધારી ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૧૭

શ્રી વાંઝી જ્ઞાતિ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ચામુંડા માતાજીના હવન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યં છે. શ્રી ચામુંડા માતાજીના હવન સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન આગામી વૈશાખ સુદ સાતમે તા. ૨૫મી મેના રોજ કોળીયા શેરી, આંબરડીવાળાના ડેલા સામે, ચામુંડા સ્થાનક, ધારી ખાતે કરવામાં આવ્યું છે. આ હવન કાર્યક્રમમાં ઉપસ્થિત રહી નીઠુ હોમવા માટે જયેશભાઈ ગોહેલ, અશોકભાઈ ગોહેલ, કિશોરભાઈ ગોહેલ, મોન્ટુભાઈ ગોહેલ અને પિયુષભાઈ ગોહેલ જણાવ્યું છે.

'સાવિત્રી' ગ્રંથના અનુવાદના દ્વિતીય ભાગનું વિમોચન

ગાંધીનગરમાં અરવિંદ કેન્દ્ર ખાતે ગૌતમભાઈ આચાર્ય દ્વારા સાવિત્રી ગ્રંથનાં ગુજરાતી ભાષામાં અનુવાદ કરાયેલ દ્વિતિય ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું. વિમોચન સમારોહમાં બાળ વિશ્વ વિદ્યાલયના સલાહકાર જયતિબેન થાનકી, અરવિંદ કેન્દ્રના વલ્લભ વિદ્યાનગરના અધ્યક્ષ દયાશંકર મિશ્રા અને ગુજરાતી સાહિત્યના સુપ્રસિધ્ધ કવિ રાજેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)

(તસવીર : નટુભાઈ પટેલ)

'નવું કલેવર' એટલે નવું શરીર મેળવવું અથવા નવા શરીરમાં પ્રવેશ કરવો. શ્રી જગન્નાથ પ્રભુના 'નવું કલેવર' ઉત્સવમાં શ્રી જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાને નવું શરીર પ્રાપ્ત થાય છે. ઓરિસ્સા સ્થિત જગન્નાથ મંદિર પુરી ખાતે 'નવાં કલેવર' ઉત્સવનો પ્રારંભ થયો છે. 'નવું કલેવર' ઉત્સવ વિશેની જાણકારી આપતા રથનું આગમન શ્રી જગન્નાથ કલ્ચરલ એકેડમી અને રીસર્ચ સેન્ટર, જગન્નાથ મંદિર, અડાલજ ખાતે થયું છે. ચિલોડા અને ગાંધીનગર થઈ અડાલજ પહોંચેલા રથનું તમામ સ્થળે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

સેક્ટર-૧૬ના સરકારી મકાનોનુ રીપેરીંગ ન થતા વસાહતીઓ પારાવાર મુશ્કેલીમાં

ગાંધીનગર, તા. ૧૭

સેક્ટર-૧૬ ના સરકારી મકાનો રીપેરીંગના અભાવે ખુબ જ જર્જરીત થયા છે. સુવિધા કચેરીમાં વારંવાર ફરિયાદ કરવા છતાં ગટર ઉભરાવવી, પ્લાસ્ટર ઉખડી જવુ અને નવા બારી દરવાજા લગાવવા જેવી સમસ્યાઓનો ઉકેલ આવતો નથી. આ બાબતે સેક્ટર-૧૬ના વસાહતીઓએ પાટનગર યોજના વિભાગમાં રજુઆત કરી છે.

વસાહત મંડળ સેક્ટર-૧૬ ગાંધીનગર પ્રમુખ શ્રી રશ્મિન કે. રાજન, મહામંત્રી શ્રી ભાનુભાઈ પી. મકવાણા, ઉપપ્રમુખશ્રી નરેન્દ્રસિંહ વાઘેલા, દીપકભાઈ કે. જાદવે જણાવ્યું છે કે સેક્ટર-૧૬ના સરકારી વસવાટના મકાનોની હાલત ખુબજ જર્જરીત અને જોખણી હાલત છે. અવાર નવાર છતના પોપડા પડે છે. મુખ્ય દરવાજા, બારી, ટોયલેટના દરવાજા અને ફ્રેમો તુટેલી છે. વસાહતીઓ પારાવાર મુશ્કેલી અને જોખમ અનુભવે છે. ઘણી વાર નાની મોટી ઈજાઓ પણ થાય છે. આ અંગે સુવિધા કચેરી સાથે યોજાયેલ બેઠકના સ્વીકૃત મુદ્દાઓ અને વર્ષો જુની ફરીયાદોનો પણ યોગ્ય નિકાલ થયેલ નથી. સુવિધા કચેરીમાં રૂબરૂ ફરીયાદ કરવા જતા વસાહતીઓને માલસામાન, સિમેન્ટ વગેરે આવતો નથી સામાને આવશે ત્યારે રીપેરીંગ થશે તેવો જવાબ મળે છે. સેક્શનલ ઓફીસર પણ છેલ્લા એક વર્ષથી હાજર જ હોતા નથી. આ બાબતે પાટનગર યોજના વર્તુળના અધિક્ષક ઈજનેર કાર્યપાલક ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેરને આ બાબતે રજુઆત કરવામાં આવી છે. આ બાબતે વસાહતીઓએ પોતાની ફરીયાદોની રજુઆત સુવિધા કચેરીમાં કરી તેની નકલ મંડળને આપવા વિનંતી છે. આ બાબતે ફરીયાદોનો યોગ્ય નિકાલ ન થાય તો આગામી રજુઆત અને ભાવી કાર્યક્રમ માટે મીટીંગનું આયોજન કરવામાં આવશે.

ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે લોક દરબાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ચિલોડા પોલીસમથક ખાતે લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક દરબારમાં ટ્રાફીકની સમસ્યાને નિવારવા તથા માર્ગ અકસ્માતમાં મૃત્યુના બનાવો વધતા તે અટકે તે માટે પ્રયત્નશીલ થવા પોલીસને સસુચનો કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત જિલ્લામાં જુગાર અને દારૂની બદીઓ બંધ થતાં પોલીસની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

ગાંધીનગર એએસપી કરણરાજ વાઘેલાની ઉપસ્થિતિમાં ચિલોડા પોલીસ મથકે યોજાયેલા લોક દરબારમાં મુખ્ય રજુઆત માથાના દુખાવા સમાન બની ગયેલી ટ્રાફીકની સમસ્યા અંગે થવા પામી હતી. ચિલોડા આસપાસ આડેધડ પાર્કીંગ, માર્ગ અકસ્માતો, હેવી ટ્રાફીક જેવી સમસ્યાઓ નિવારવા રજૂઆતો થવા પામી હતી. જેને પગલે એએસપી તથા પી.આઈ. એન.સી. ભરવાડે હિંમતનગર હાઈવેના માર્ગોની રૂબરૂ મુલાકાત લઈ વાહન પાર્કીંગ અને અન્ય ટ્રાફીકની સમસ્યા અંગે જાતમાહિતી લઈ જરૂરી સુચનો કર્યા હતા.

(તસવીર : નટુભાઈ પટેલ)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯
સૂર્યાસ્ત : ૭.૧૬

તાપમાન

મહત્તમ : ૪૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૪૧ ટકા ● સાંજે ૧૬ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :
બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦
બે યાર : ૨.૪૦

સ્ક્રીન-૩ :
પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪ :
ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

સિટીપલ્સ

સ્ક્રીન-૧ :
બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦
પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

સ્ક્રીન-૩ :
મેડ મેક્સ (ઈંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫
મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
જોબકા : ૧૦.૦૦
ગબ્બર ઈસ બેક : ૭.૦૦
પીકુ : ૧૨.૪૫

સ્ક્રીન-૫ :
બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦
પીકુ : ૬.૪૫
ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : મહત્ત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. આપના દ્વારા કરાયેલા પ્રયત્નોથી વેપારને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે. મનમાં ઉલ્લાસ અને જોશમાં વધારો થઈ શકશે. જે તમારા કાર્ય અને વેપારમાં કોઈ નવી ગતિ પ્રદાન કરશે. સમય શુભ.

વૃષભ : વરિષ્ઠ વ્યકિતઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના છે. તમને તમારા શોખ પૂરા કરવા માટેની પૂર્ણ તકો પ્રાપ્ત થઈ શકશે. નોકરીમાં સ્થિતિ સામાન્ય રહે તેવી શકયતાઓ છે.

મિથુન : કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કર્યો થશે. વ્યવસાયીક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા થઈ શકે છે. ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં તમારા આચરણની લોકો પ્રસંસા કરશે, નવા સંબંધ બંધાશે.

કર્ક : આર્થિક ક્ષેત્રમાં શોધ સંબંધી કાર્ય થઈ શકે છે. વિવાદિત આર્થિક પ્રકરણોમાં સંયમપૂર્વક ઉકેલવા. જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે અને તેમા તમારો મોટાભાગનો સમય પસાર થશે.

સિંહ : કલાત્મક કાર્ય પ્રારંભ થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય. કાર્યનો વિસ્તાર અને તેમાં નવીનતાનો પણ યોગ બનશે જે તમને મદદરૂપ સાબિત થઈ શકે છે. કૌટુંબિક કષ્ટ અને સમસ્યાઓનો સમાપ્ત થવાની શકયતાઓ છે.

કન્યા : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ થવાની શકયતા છે. અર્થની પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ પ્રાપ્ત થાય છે. માતા-પિતાની ચિંતાઓ દૂર થતી જણાય.

તુલા : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. આપના દ્વારા વિવેકના વિપરિત કાર્ય થવાને કારણે હાનિ થઈ શકે છે. અટકેલા ધન માટે પ્રયાસ કરવાથી લાભ થવાની સંભાવનાઓ રહેલી છે. સગા- સ્નેહી, મિત્રો સાથે મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : સંતાનની સ્થિતિમાં સુધારની સંભાવનાઓ છે. વ્યાપારિક ક્ષેત્ર વિસ્તૃત થઈ શકશે. વિરોધીઓ હેરાન-પરેશાન કરી શકે છે. જેનું ધ્યાન રાખીને પોતાની કામગીરી કરવી. કૌટુંબીજનો સાથે વાદવિવાદ ન થાય તેની કાળજી રાખવી.

ધન : વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા થશે. કાર્યોમાં નવીન સમસ્યાઓ આવવાની શકયતાઓ છે. જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું.

મકર : આર્થિક સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના. માનસિક સંતોષ થતાં પ્રસન્નતા પ્રાપ્ત થશે. સંતાનની પ્રગતિના સમાચાર આજે પ્રાપ્ત મળી શકે છે. પૂર્વમાં કરલે કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકે છે. સુખદ યાત્રા.

કુંભ : મનોરંજન કલા આમોદ-પ્રમોદના કાર્યોમાં રુચિ જાગૃત થશે. સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. સંપત્તિની ખરીદારીમાં લાભ પ્રાપ્ત થશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે.

મીન : આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થવાની સંભાવના. ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થઈ શકે છે. યાત્રા-પ્રવાસ દરમ્યાન સાવધાની રાખવી હિતાવહ છે. કલાત્મક ક્ષેત્રોમાં વિશિષ્ટ ચિંતનનો યોગ બની રહ્યો છે. સત્સંગ થશે.

ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ હિરાભાઈ કચરાભાઈ (ઉ.વ.૮૦) પ્લોટ નં. ૩૭૩, ગાયત્રીનગર, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. ચંદ્રવદન જીવણલાલ કંસારા (ઉ.વ.૭૫) જી-૨૦૪, અક્ષરહોમ, વાવોલ, ગાંધીનગર
- સ્વ. ઠાકોર માસંગજી હમીરજી (ઉ.વ.૭૬) મુ. પીપળજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. જેઠાભાઈ કચરાભાઈ ગોહેલ (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૬૫/૧, સેકટર-૪એ, ગાંધીનગર